# ॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ મંજુબહેન પટેલ (ફ્લૉરિડા, અમેરિકા)

હું જ્યારે પહેલી વખત શિબિરમાં ગઈ ત્યારે પૂ. સાહેબદાદાનાં દર્શન કરવા માટે લાઈનમાં ઊભી હતી. જ્યારે મને પૂ. સાહેબદાદાનાં દર્શન થયાં ત્યારે મારી આખમાં આંખ પરોવી તેઓ એટલું જ બોલ્યા કે, 'મારે તને ભગવાનની સેવા સોંપવી છે.' ત્યાર પછી મારી ખરી સાધનાની શરૂઆત થઈ અને તેના માટે હું પૂ. નીલેશ અને બાળકો (રાહુલ-ભૂમિ)નો ખૂબ ખૂબ આભાર માનું છું. ત્યાર પછીના મારા જીવનમાં પૂ. સાહેબદાદાનો અને સત્સંગનો ખૂબ જ મહત્ત્વનો ફાળો રહ્યો છે. અમારા પરિવારની દરેક વ્યક્તિના જીવનમાં પણ પૂ. સાહેબદાદાનો અગત્યનો ફાળો રહ્યો છે.

પહેલાં હું સત્સંગમાં નહોતી ત્યારે મનમુખી જીવન જીવતી હતી અને ભક્તિ પણ સમજણ વિનાની અને પરોક્ષની કરતી હતી. પણ હવે મારું અને અમારા પરિવારની દરેક વ્યક્તિનું જીવન એ ગુરુમય અને ગુરુમુખી બની ગયું છે. સત્સંગમાં આવ્યા પછી અંતરમાં ખૂબ જ શાંતિ રહે છે. ગમે તે થાય તો પણ કોઈ જ જાતની ચિંતા થતી નથી. કારણ કે, હવે આવા સમર્થ ગુરુ મળ્યા કે તેમના શરણે જવાથી, નિર્ભય બન્યાથી, તેમના બળે, તેમના આશરે જીવન જીવવાથી કોઈ જાતનો ડર રહેતો નથી અને અખંડ આનંદમાં રહેવાય છે તેની અનુભૂતિ થાય છે ! આવા સમર્થ ગુરુની પ્રભુએ આપણને ભેટ આપી છે તેનો અંતરે અખંડ આનંદ અને કેફ રહે છે. પૂ. સાહેબદાદાએ અમને ગ્રહણ કર્યાં ત્યાર પછીનું અમારું આખું જીવન બદલાઈ ગયું છે અને અત્યારે અમે જે કંઈ છીએ તે કેવળ અને કેવળ પૂ. સાહેબદાદાને આભારી છે.

પહેલાં જ્યારે અમે પૂ. સાહેબદાદાની આજ્ઞાથી ઘરમંદિરે સભા કરવાનું શરૂ કર્યું ત્યારે દરેક તહેવાર ઘરે જ ઊજવતાં. સત્સંગસભા પણ ઘરે જ કરતાં. અન્નકૂટ ઉત્સવ પણ ઘરે જ ઊજવતાં. એક વખત અન્નકૂટ ઉત્સવ કર્યા પછી તેનો અહેવાલ આપવા પૂ. સાહેબદાદાને ફોન કર્યો તો તેઓ ખૂબ જ રાજી થઈને બોલ્યા કે, 'મહારાજે અક્ષરધામથી આપણને સેવા કરવા માટે જ મોકલ્યાં છે. અને આપણો જન્મ પણ એટલા માટે જ થયો છે.' પછી તેઓએ મને આજ્ઞા કરી કે, 'બધાંને સાથે રાખીને સેવા કરજે.' આમ તે આજ્ઞાનું પાલન કરવા હોંશે હોંશે પ્રયત્ન કર્યો. અમે પૂ. સાહેબદાદાની જ આજ્ઞા અનુસાર ઘરમંદિરથી સભા ચાલુ કરી તો અત્યારે ખૂબ જ સરસ મંદિર પણ થઈ ગયું છે અને હવે બધા જ પ્રસંગો મંદિરમાં જ ઉજવાય છે અને પૂ. સાહેબદાદાના આશીર્વાદથી અન્નકૂટ પણ સરસ થાય છે. અને હવે તો પૂ. સાહેબદાદાના સંકલ્પ અને તેમના આશીર્વાદથી ફ્લૉરિડામાં શિખરબદ્ધ મંદિર પણ થવા જઈ રહ્યું છે અને મંડળમાં સર્વ અક્ષરમુક્તો સંપ, સુહૃદભાવ અને એકતાથી એકબીજાંની સાથે ઓતપ્રોત બની સર્વ સેવાઓ કરી રહ્યાં છે. હવે ફ્લૉરિડામાં સત્સંગ પણ ખૂબ ફૂલ્યો-ફાલ્યો છે તે પણ કેવળ અને કેવળ પૂ. સાહેબદાદાના આશીર્વાદ અને તેમના સંકલ્પે જ શક્ય બન્યું છે. સૌ ભક્તોને ગુરુઆજ્ઞા પાલનની અદ્ભુત તત્પરતા છે. સૌ ગુરુની આજ્ઞા પ્રમાણે જીવવા મંડ્યાં છે.

આજથી લગભગ આઠેક વર્ષ પહેલાં પૂ. સાહેબદાદા ઍલનટાઉન મંદિરે બિરાજમાન હતા અને તેઓ પાછા ભારત પધારી રહ્યા હતા. તેમનાં દર્શન કરવા અમે ઍલનટાઉન મંદિરે ગયાં હતાં. ત્યાં તેમણે મને કહ્યું કે, 'તું શું કરે છે ? જૉબ કરે છે ?' અને પછી મને કહ્યું કે, 'જ્યારે ટાઈમ મળે ત્યારે મહાપૂજા કરજે.' આ રીતે તેમણે મને મહાપૂજા કરવા માટેની આજ્ઞા કરી તેથી હું મહાપૂજા શીખી અને મેં મહાપૂજા કરવાની શરૂઆત કરી. અત્યારે પણ હું મહાપૂજા કરું છું અને મંદિરે પણ મહાપૂજા કરાવું છું. ઘણી વખત કોઈ કારણસર મહાપૂજા થતી નથી પરંતુ, દરરોજના કાર્યક્રમ પ્રમાણે હું હંમેશાં મહાપૂજા કરું છું. અને તેના કારણે અંતરમાં ખૂબ જ શાંતિ અનુભવાય છે. તેમજ સર્વે સંતો-અક્ષરમુક્તો માટે ધૂન થાય છે અને અંતરમાં ખૂબ જ શાંતિ અને બળ મળે છે. અને હવે તો મહાપૂજા કર્યા વગર રહેવાતું પણ નથી ! પૂ. સાહેબદાદાએ આપેલી આવી નાની અમથી આજ્ઞાથી અંતરમાં કેટલી શાંતિ મળે છે તેનો પણ અનુભવ થાય છે.

તો સાહેબદાદા ! આપના બળે આપના સંકલ્પે અને આપની પ્રાર્થનાથી પ્રત્યેક પળ અમને સેવા કરવાનું બળ મળે તેવી આપના શ્રી ચરણોમાં પ્રાર્થના છે ! ◆